જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૧/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૭૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૨ | ૭૪,૬૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# તડીપાર ઇસમની અટકાયતની વિગત

**એસ.ઓ.જી.:-**

## તડીપાર ઇસમને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરતી

## એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ બ્રાંચ, તથા નાયબ પોલીસ કમિશનરશ્રી એસ.ઓ.જી. ક્રાઇમબ્રાંચ, અમદાવાદ શહેર નાઓએ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરતા તેમજ નાસતા-ફરતા આરોપીઓ તથા તડીપાર ઇસમોને પકડી પાડવા સારૂ સુચના કરેલ હોય.

જે અન્વયે મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચના સુપરવિઝન તથા પોલીસ ઇન્સપેકટરશ્રી ડી.વી.હડાત નાઓના માર્ગદર્શન આધારે અનાર્મ.હેડ.કોન્સ. રશીદખાન સામતખાન બ.ન.૫૫૪૮ નાઓ પોતાની ટીમ સાથે કોમ્બિંગ ના.રા.માં અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી હકિકત આધારે તડીપાર ઇસમ નામે મોહમદ શોએબ સ/ઓ અબ્દુલ સમદ ગુલામ રસુલ જાતે-શેખ ઉ.વ.૨૮ રહે- આબાદનગરના છાપરા, પાંચપિરની દરગાહ પાસે, દાણીલિમડા અમદાવાદ શહેરનાને આજ-રોજ તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ ઝડપી લેવામાં આવેલ સદરી ઇસમની પુછ-પરછ કરી ખાત્રી તપાસ કરતા સદરી ઇસમ વિરૂધ્ધમાં અગાઉ ફરીયાદો થયેલ હોય જેથી સદરીને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “એ” ડીવીઝન અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક એ/ડીવી/હદપ/૧૩/૨૦૨૧ તા.૧૬/૦૮/૨૦૨૧ થી અમદાવાદ શહેર તથા તેની લગોલગ આવેલ જીલ્લાઓ માંથી બે વર્ષ સુધી તડિપાર કરેલ હોય જેથી સદર ઇસમ પાસે અમદાવાદ શહેરમાં પ્રવેશવા બદલનુ કોઇ અધિકુત અધિકારીનુ લખાણ અથવા તો બીજો કોઇ આધાર પોતાની પાસે હોય તો રજુ કરવા જણાવતા પોતાની પાસે નહી હોવાનું જણાવતા સદરી આરોપી વિરૂધ્ધમાં ધી જી.પી.એક્ટ કલમ-૧૪૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ અર્થે દાણીલિમડા પોલીસ સ્તેશન ખાતે સોંપવા તજવીજ હાથ ધરેલ છે. તા.૧૮/૧૧/૨૦૨૨.

**કામગીરી કરનાર કર્મચારીઓ:**

(૧) અ.હે.કો. રશીદખાન સામતખાન બ.ન.૫૫૪૮

(૨) હે.કો. વિજયસિંહ પબાજી બ.ન.૪૮૯૪

(૩) અ.પો.કો. ઘનશ્યામભાઇ કાથડભાઇ બ.ન.૭૫૮૮ (બાતમી)



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૬/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩૧ કેસ કરી, ૧૨૬ વ્યક્તિઓને ઝડપી, ૩૦૦ લીટર દેશી દારૂ, ૨૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બીયરટીન, ૦૫ સ્કુટર અને ૦૫ સ્કુટર કબજે કર્યા હતા. તથા જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૭/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૨૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી.૯૩ મુજબ ૧૫૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૦૭૮/૨૦૨૨

**નવરંગપુરાઃ** રોશનભાઇ શિવરતન મહાશેઠ (ઉ.વ.૩૯)(રહે.લક્ષ્મીનિવાસ પ્રભાસભાઇની ચાલી વાળીનાથ ચોક મેમનગર) એ તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૯/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમ રોડ, એચ.કે.કોલેજની પાસે, ચિનુભાઇ ટાવર, ઓફીસ નં-૧૭ ખાતે આરોપી લવ શર્મા તથા વરુણ શર્મા (બંને રહે.ગોદરેજ ગાર્ડન સીટી, જગતપુર સીટીની બાજુમાં એસ.જી.હાઈવે) એ ભેગામળી રોશનભાઇ ને તથા તેમના મિત્રોને ન્યુઝીલેન્ડ ખાતે વર્ક ઓર્ડર ઉપર મોકલવાનુ જણાવી, રોશનભાઇ પાસેથી કુલ રૂપિયા ૮,૧૯,૩૦૦/- તથા તેમના મિત્રો પાસેથી કુલ રૂપિયા ૧૧,૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૯,૯૯,૩૦૦/- મેળવી લઇ પરત નહી આપી તેમજ ન્યુઝીલેન્ડ ખાતે નહી મોકલી આપી વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.બલાત ચલાવે છે.

**વેજલપુરઃ** અલ્તાફહુસેન મહંમદભાઈ મલેક (ઉ.વ.૬૫)(રહે.નવંરગ ટેનામેન્ટ ફતેવાડી બસ સ્ટોપ પાસે ફતેવાડી)એ તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મે/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન અલ્તાફહુસેન અને તેમના પત્નિ સાહેદાબાનુ એ હજ પઢવા જવાનુ હોઇ “ફૈઝ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રા.લિ” ના નામે ટ્રાવેલ્સનો ધંધો કરતા આરોપી શાહીન મોહંમદકામીલ પરીયાણી તથા મોહમદકામીલ અબ્દુલમજીદ પરિયાણી (બંને રહે.બીજો માળ, મદીના હાઈટસ, મદીના મસ્જીદ અને સરકારી ગોડાઉન સામે દાણીલીમડા) નાઓનો સંપર્ક કરતા “તેઓ સારી સગવડતા આપશે અને હજ ની યાત્રા કરાવશે” તેમ કહી ખર્ચ પેટે રૂપીયા માંગતા, અલ્તાફહુસેને ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- આપ્યા હતા. જે રૂપિયા આપવા છતા હજ યાત્રા નહી કરાવી તેમજ આજદીન સુધી રૂપિયા પરત નહી આપી અલ્તાફહુસેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૯/૨૦૨૨**

ઓઢવઃ પ્રતિકભાઇ ભગવાનભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૮)(રહે.અન્નપુર્ણા રેસીડન્સી માધવ સ્કુલની સામે વસ્ત્રાલ રામોલ) એ તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૧/૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નિકોલ કઠવાડા ચોકડી રીંગ રોડ ઉપર પોતાની મોટર સાયકલ લઇ ઘરે જવા નિકળેલ ત્યારે ઓઢવ રીંગ રોડ પર આવેલ સહજાનંદ બિઝનેસ પાર્ક મારૂતીનંદન હોટલની સામે રોડ ઉપર એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ (૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી પ્રતિકભાઇએ પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૦/૨૦૨૨**

**આનંદનગરઃ** જયેશ ધનોમલ રાધાની (ઉ.વ.૪૨)(રહે.યશ ટાવર જોધપુર ગામ સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૧/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે નાઈટી બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર માટે તેમને SVP હોસ્પિટલ ખાતે લાવતાં રાતના ૧૦/૪૦ વાગે ફરજ પરના ડો.શ્રી તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રભાઇ અમથાભાઇ ચલાવે છે.

**વાસણાઃ** રાજ ઉર્ફે ભદેશ સુનિલભાઇ દંતાણી (ઉ.વ.૩૧)(રહે.ઔડાના મકાન ભક્ષાગામ વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ નવલસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી